શ્રી ભગવાન મહાવીર સ્વામી
નું શાસન
શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

જે બાળજીવોને સિધ્ધાંત બોધ (આત્મબોધ)નો શબ્દ સાંભળવા મળ્યો તે બાળજીવો સદ્‌ભાગી ગણાય. જે બાળજીવોને સિધ્ધાંતબોધ સાંભળવા મળ્યો તે બાળજીવોનાં કર્ણને ધન્ય છે. જે બાળજીવોને સિધ્ધાંતબોધની ચર્ચા-વિચારણા કરવા મળી તે બાળજીવની વાણીને ધન્ય છે. જે ક્ષેત્રથી બાળજીવોને સિધ્ધાંત બોધ મળે છે તે ક્ષેત્રની પાવનતા પામનારનાં ચરણકમળને ધન્ય છે. જે બાળજીવો સિધ્ધાંતબોધ આપનારના મુખારવિંદના દર્શન પામે છે તે બાળજીવોની દ્રષ્ટિને ધન્ય છે.

૧. સિધ્ધાંત બોધ જાણવો ..... વૈરાગ્યનું કારણ
૨. સિધ્ધાંત બોધ માનવો ..... વૈરાગ્ય આવવો
૩. સિધ્ધાંત બોધ આરાધવો ..... સમકિતનું કારણ
૪. સિધ્ધાંત બોધ અનુભવવો ..... સમકિત પ્રાપ્તિ
૫. સિધ્ધાંત બોધ પ્રગટવો ..... આત્મજ્ઞાનથી કેવળજ્ઞાન

સિધ્ધાંત બોધની વિરાધનાનું ફળ શું ?
અને ઉપદેશબોધની આરાધનાનું ફળ શું ?

જૈનો જાગો

લેખાંક : ૨૪

લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ

*** સત્સંગ ***
જે જ્ઞાન થકી, તે જ્ઞાનના જાણકારને,
એ જ્ઞાને કરીને, જ્ઞાનીત્વપણું જાણીને,
જ્ઞાનીત્વભાવે, જ્ઞાનીત્વપણું પ્રકાશ્યું,
તે પ્રકાશને 'સિધ્ધાંત પ્રકાશક જ્ઞાન' કહેવાય.

જે બાળજીવોને સિધ્ધાંતબોધ આપનારનાં વંદન કરવા મળે તે બાળજીવોના હસ્તકમળ અને મસ્તકને ધન્ય છે. જે બાળજીવોને સિધ્ધાંતબોધના વાતાવરણની મહેંકતા માણવા મળે તે બાળજીવોની નાસિકાને ધન્ય છે. અને જે બાળજીવોને સિધ્ધાંતબોધનું આરાધન પ્રાપ્ત થયું તે બાળજીવોના મન, વચન અને વિચારોથી હૃદયકમળને ધન્ય છે. આવો અમુલ્ય સિધ્ધાંત બોધ આપનાર સાધુ ભગવંતોનો શ્રાવકો ઉપર પરમ ઉપકાર છે. આ બોધ આપવો એજ સાધુ ભગવંતોનું કર્તવ્ય છે. આ બોધ આપનાર ધર્માચાર્યો શ્રી તીર્થંકર પરમાત્માની પરમ ભક્તિ કરે છે અને એ ધર્માચાર્યો જૈન ધર્મનાં આધાર સ્વરૂપ ગણાય, અને શ્રાવકો આવા ધર્માચાર્યોના ચરણમાં તન, મન અને ધનથી સમર્પિત ભાવ સાથે પોતાનું જીવન અર્પણ કરે અને સાધુ ભગવંતોના પરમ ઉપકારનો ભાર પોતાના શીર ઉપર ચડાવે એ જ શ્રી તીર્થંકર મહાવીર સ્વામી પરમાત્માના માર્ગનો સાચો આરાધક ગણાય, જૈન સમાજનો સાચો શ્રાવક ગણાય અને શ્રી પરમાત્માનો બાળક ગણાય અને **''જન્મે જૈન બન્યો તો કર્મે પણ જૈન બન્યો ગણાય''** અને આવો બોધ આપનાર સાધુ

'હે પ્રભુ ! તારા બનાવેલા તને બનાવે છે.'
હે શ્રાવક ! તું જેને ભવભ્રમણમાંથી
નિકળવામાં સહાયતા કરે છે,
એ તને ભવ ભ્રમણમાં મોકલે છે.

ભગવંતોને ફરી ફરીને ત્રિકાળ વંદના અને જે બાળજીવોને સિધ્ધાંત બોધ સાંભળવા અને સમજવા નથી મળ્યો તેનું મનુષ્યપણું નિષ્ફળ ગયું કહેવાય અને એ જીવ પાંચ ઈન્દ્રિયવાળો મનુષ્ય કહેવાય. અને તેનું જૈનપણું અને શ્રી તીર્થંકર પરમાત્મા બંને મળ્યા ન મળ્યા બરાબર છે. જીવે જ્યારે જ્યારે મોક્ષમાર્ગી ધર્મમાં મનુષ્યપણું પ્રાપ્ત કર્યું ત્યારે ત્યારે ઉપદેશ બોધને તો આરાધ્યો અને જો જૈનકુળમાં જન્મ્યા પછી પણ ઉપદેશબોધમાં બાળજીવો રમે તો જૈનકુળનું સાર્થકપણું કેવી રીતે કહેવાય ?

હવે આપણે લેખાંક નં ૨૩ ના અનુસંધાનમાં સિધ્ધાંતબોધના ગુણધર્મ અને લક્ષણોની વિશેષ વિચારણા કરીએ.

૩૨. અનાદીકાળથી અનંતકાળ સુધી આત્મજ્ઞાનીથી લઈને કેવળી ભગવંતોએ જે બોધ આપ્યો, આપે છે અને આપતા રહેશે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૩. જે બોધમાં વિરોધાભાસ ન હોય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૪. જે બોધ સાંભળ્યા પછી વિસ્મરણ ન થઈ શકે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૫. જે બોધની સમજણથી બાળજીવમાં સર્વ સમયે પ્રભુ સ્મરણનું સ્થાપન થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૬. જે બોધની સમજણ જીવને અજ્ઞાનભાવમાંથી જ્ઞાનભાવમાં લઈ જાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૭. જે બોધની સમજણથી જીવને પાંચ વિષયોમાં પ્રમાદ આવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૮. જે બોધની સમજણથી જીવનાં ચાર કષાયો કપાય (દબાય નહીં) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૩૯. જે બોધની સમજણથી જીવમાં રાગ-દ્વેષ મંદ

ભવ ભ્રમણ ભમવાની ભુલનું ભુલવાપણું,
એ ભવ ભ્રમણ ભમવાની મુખ્ય ભુલ.

થાય (ક્ષય થાય) તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૦. જે બોધની સમજણથી જીવનું અજ્ઞાનપણું ટળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૧. જે બોધની સમજણથી જીવ દ્રષ્ટાભાવથી જગતને જોવે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૨. જે બોધની સમજણથી જીવમાંથી કર્તાભાવ છૂટી જાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૩. જે બોધની સમજણથી જીવમાંથી ભોકતાભાવ છૂટી જાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૪. જે બોધની સમજણથી જીવ જગતના વ્યવહારમાં ઈશ્વર ઈચ્છા (કર્મદશા) જાણે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૫. જે બોધની સમજણથી જીવ નિમિત્ત ને દોષિત ગણવાનું ટાળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૬. જે બોધની સમજણથી જીવ સુખ-દુઃખને શાંત ભાવે વેદે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૭. જે બોધની સમજણથી જીવમાં આત્મિક ગુણ પ્રગટે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૮. જે બોધની સમજણથી જીવ પૂર્ણ સ્વાવલંબીપણું પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૪૯. જે બોધની સમજણથી જીવમાંથી યાચકપણું ટળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૦. જે બોધની સમજણથી જીવ નિર્ભયતાને પામે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૧. જે બોધની સમજણથી જીવને મરણનો ભય ટળે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૨. જે બોધની સમજણથી જીવને પુરૂષાર્થના અનુભવ થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૩. જે બોધની સમજણથી જીવ આદરભાવે અને ઉપકારીભાવે જગતને લે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૪. જે બોધની સમજણથી જીવમાં સંતોષીપણું પ્રગટે તે જ્ઞાનને

*** સત્સંગનું ફળ ***
જે જ્ઞાનથી જીવે, અહિંસકના અહિંસકપણાનું,
અહિંસકપણું, અહિંસકતાથી અહિંસકતાનું,
અહિંસકપણે, અહિંસાત્મભાવે, અહિંસાત્મક સ્વભાવે,
અહિંસાત્મનુભવે, અહિંસકનું અહિંસકપણાથી,
અહિંસકતાપણું સ્વભાવ્યું, તે અહિંસકતાનું
બીજું નામ 'અહિંસાત્મક સિધ્ધાંત બોધ'

સિધ્ધાંત બોધ કહેવાય.

૫૫. જે બોધની સમજણથી જીવ સર્વ કાર્યોમાં સહજ આત્મોપયોગી બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૬. જે બોધની સમજણથી જીવનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૭. જે બોધની સમજણથી જીવ ભાવપરિણામી બને તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૮. જે બોધની સમજણથી જીવ જ્ઞાનીને ઓળખે છે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૫૯. જગતના મોક્ષમાર્ગી ધર્મોના જે શાસ્ત્રો રચાયા છે અને તેમાં જે બોધ રહેલો છે તે જ્ઞાનને સિધ્ધાંત બોધ કહેવાય.

૬૦. જગતના સર્વ મોક્ષધર્મી સંપ્રદાયમાં જન્મેલા જીવો તેમનાં સંપ્રદાયના શાસ્ત્રનો અત્યંત ભક્તિભાવથી આદર કરે છે, બહુમાન કરે છે અને બળવાન શ્રધ્ધા કરે છે, તેનું મુખ્ય કારણ તેમાં રહેલું જ્ઞાન, તે જ્ઞાનને 'સિધ્ધાંત જ્ઞાન' કહેવાય, 'સિધ્ધાંત બોધ' કહેવાય, 'આત્મધર્મ' કહેવાય, 'બ્રહ્મજ્ઞાન' કહેવાય, 'ગીતાર્થ જ્ઞાન' કહેવાય અથવા 'મોક્ષમાર્ગ'નું જ્ઞાન કહેવાય.

એના જ કારણે જીવો મરણ પર્યન્ત પોતાના ધર્મનાં શાસ્ત્રો ને પોતાના જીવન કરતા પણ વધારે પ્રેમ, આદર અને શ્રધ્ધા કરે છે. તે શાસ્ત્રને ધર્માચાર્યો પોતાની વાણીમાં અને વર્તનમાં મૂકે તો બાળજીવો ભવમુક્તિ પામે અને ધર્મનો જય જયકાર થાય.

આવતા લેખાંકમાં યોગે કરીને વિચારણા કરીશું. ક્રમશ :

આનંદ **આનંદ** **આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.